# સતત સર્વગ્રાહી મૂલ્યાંકન કસોટી

**વિષય: સામાજીક વિજ્ઞાન** **ધોરણ: ૬**
**સમાવિષ્ટ પ્રકરણ: ૭,૮,૯** **ગુણ: ૨૦**

---

**પ્રશ્ન: ૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી સાચા વિકલ્પ સામે ખરાની નિશાની કરો.**

**ગુણ:(૫)**

(૧) ભારતમાં ગુજરાતનું સ્થાન કઈ દિશામાં છે?

( ) દક્ષિણ ( ) ઉત્તર ( ) પશ્ચિમ ( ) પૂર્વ

(૨) કચ્છનો ઘણો મોટો વિસ્તાર કયા પ્રદેશનો બનેલો છે?

( ) ખીણ પ્રદેશનો ( ) મેદાન પ્રદેશનો ( ) રણ પ્રદેશનો ( ) ઉચ્ચ પ્રદેશનો

(૩) જન્માષ્ટમી કયા ધર્મના લોકોનો તહેવાર છે?

( ) હિન્દુ ( ) પારસી ( ) મુસ્લિમ ( ) ખ્રિસ્તી

(૪) ભાંગડા નૃત્ય કયા લોકોનું છે?

( ) રાજસ્થાન ( ) ગુજરાત ( ) મહારાષ્ટ્ર ( ) પંજાબ

(૫) સિંધુ ખીણની સંસ્કૃતિનું ગૌરવપ્રદ વિશિષ્ટ લક્ષણ કયું છે?

( ) જાહેર સ્નાનાગર ( ) જાહેર મકાનો ( ) ભૂગર્ભગટર યોજના ( ) રસ્તાઓ

**પ્રશ્ન: ૨ નીચે આપેલા જોડકામાં (અ) વિભાગ સામે (બ) વિભાગમાંથી યોગ્ય જવાબ શોધીને તેનો સાચો ક્રમ લખો.** **ગુણ: (૫)**

| (અ) | | (બ) |
|---|---|---|
| (૧) ગબ્બરનો ડુંગર | [ ] | (૧) રાજસ્થાન |
| (૨) મહાવીર જંયતિ | [ ] | (૨) કચ્છ |
| (૩) બકરી ઈદ | [ ] | (૩) અંબાજી |
| (૪) ધોળાવીરા | [ ] | (૪) જૈન |
| (૫) કાલિબંગન | [ ] | (૫) ઈસ્લામ |

**પ્રશ્નઃ ૩ નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.** ગુણઃ (૫)

(૧) હડપ્પીય સંસ્કૃતિના લોકો નૃત્યના શોખીન હતા. [ ]

(૨) હડપ્પીય સંસ્કૃતિનાં નગરોનાં સ્ત્રીઓ અને પુરુષો ત્રણ કપડાં પહેરતા હતા. [ ]

(૩) આપણી એકતામાં વિભિન્નતા છે. [ ]

(૪) આપણી આઝાદીની લડતમાં એકજ સંપ્રદાયના લોકોએ ભાગ લીધો હતો. [ ]

(૫) ભૂપૃષ્ઠની દ્રષ્ટિએ ગુજરાતના પાંચ ભાગ પડે છે. [ ]

**પ્રશ્નઃ ૪ નીચેના પ્રશ્નોના જવાબ આપો.** ગુણઃ (૫)

(૧) લોથલ કયાં આવેલું છે?

........................................................................................................................

........................................................................................................................

(૨) હડપ્પીય સંસ્કૃતિ આજથી આશરે કેટલા વર્ષો જૂની છે?

........................................................................................................................

........................................................................................................................

(૩) ભારતીય સંસ્કૃતિનું મુખ્ય લક્ષણ કયું છે?

........................................................................................................................

........................................................................................................................

(૪) ગુજરાતનો દરિયા કિનારો કેટલા કિલોમીટર લાંબો છે?

........................................................................................................................

........................................................................................................................

(૫) ગુજરાતનો કુલ ભૌગોલિક વિસ્તાર કેટલો છે?

........................................................................................................................

........................................................................................................................